૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**પાટણના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( પ્રિયંકા લાલ, એડી.જયુ. મેજી.ફ.ક., પાટણ )

૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

ફોજદારી કેસ નંબર– ૬૯૧૭/૨૦૨૧

આંક–૫

**ફરિયાદી** :– ઘી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂઘ્ઘ**

આરોપી ઃ– ઠાકોર રમેશજી દલસંગજી

રહે. ડેર તા.જી.પાટણ

**ગુનો :– પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ...**

(૧).. ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ઘ **બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** ના ગુનાનું ચાર્જસીટ આ અદાલત સમક્ષ રજુ કરેલ છે. ચાર્જસીટ રજુ થતાં આરોપી વિરૂઘ્ઘ કોગ્નાઈઝન્સ લઈ **બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) ના ગુના સબબના પ્રોસેસ** ઈસ્યુ કરવામાં આવેલા. આરોપીને પ્રોસેસની બજવણી થતાં અને આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ત્યારબાદ સદરહુ ફરીયાદના કામે આરોપીએ હાજર થઈ **આંક–૪ વાળી ગુના કબુલાત પુરસીસ રજુ કરી** તેઓ તેમની સામેના ગુનાનું તહોમત કબુલ કરવા માંગે છે તેવી રજુઆત કરેલ. આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને તેમની સામેના ગુનાના સજાની જોગવાઈથી વાકેફ કરી ગુના સબંધે **આંક– ૩ થી પ્લી નોંધતા** તેમાં પણ આરોપીએ તેમની સામેના ગુનાનું તહોમત કબુલ રાખેલ અને તે વખતે પણ આરોપીને તેમની સામેના ગુનાના તહોમતમાં થઈ શકતી મહત્તમ સજા અંગે સમજણ આપવા છતાં તેઓએ તેઓ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરે છે તેવું જણાવેલ છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓ અશકત, બીમાર રહે છે. તેઓ ગરીબ અને મજુર વર્ગના માણસ છે. તેમને હાલનો આ ગુનો કર્યાનો પસ્તાવો થાય છે. હવે આ પ્રકારનો ગુનો કરશે નહી અને દયા દાખવવા વિનંતી કરેલ છે.

(૨)...સદર કામનું રેકર્ડ વંચાણે લેતાં આરોપી વિરૂઘ્ઘ ગુજરાત પ્રોહીબીશન સુધારા કલમ–૮૫ હેઠળનો ગુનો કરેલ હોવાનો આરોપ છે. જે અન્વયે આ કામની હકીકત વંચાણે લેતાં આરોપી જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં લવરી બકવાટ કરતો હોય તેને આ કામના ફરીયાદીએ પકડી પાડેલ છે તેવો તેમના પર આક્ષેપ છે. આ સાથે ગુજરાત પ્રોહીબીશન સુધારા કલમ–૮૫ વંચાણે લેતાં તેમાં જો કોઈ વ્યકિત કોઈ શેરીમાં, સોંસરા રસ્તામાં, જાહેર સ્થળમાં જેમાં લોકોને પસાર થવાની છુટ હોય કે મળેલ હોય તેવા સ્થળે દારૂ પીધેલ હોય અને ઉપદ્રવ કોઈ સાથે ઝઘડો કરે, અસભ્ય અથવા અશિષ્ટ ભાષા વાપરે, બીજા સાથે મારા મારીમાં જોડાય, કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કરે, અથવા અશ્લિલ વર્તન કરે, ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી

અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લિલ ચેનચાળા કરતો હોય તેને દોષિત ઠર્યેથી ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

આમ, સદર કામની સઘળી હકીકત વંચાણે લેતાં આરોપીએ દારૂ પીને ઉપદ્રવ મચાવેલ હોય અથવા કોઈની જોડે ઝઘડો કરેલ હોય અથવા કોઈની જોડે ગાળાગાળી કરેલ હોય અથવા કોઈની જોડે મારામારી કરવામાં આવેલ હોય અથવા કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન અથવા અસભ્યથી વર્તન કરેલ હોય તેવો કેસ નથી. જેથી આરોપીએ સદર કામના સઘળા આક્ષેપો કબુલ રાખેલ હોવા છતાં અને આ ૮૫(૧) ની કલમ કબુલ રાખેલ હોવા છતાં તેઓને આ કલમમાં આપવામાં આવેલી સજા આરોપીના કૃત્ય ધ્વારા સદર કલમના તત્વો પુર્ણ થતા ન હોવાથી કરી શકાય નહી. જેથી આરોપીને કલમ–૮૫(૧) અન્વયે નિર્દોષ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદરહુ કેસમાં આરોપીએ ગુના કબુલાત પુરસી આપી ગુનો કબુલ કરેલ હોવાથી તથા આ અદાલત ધ્વારા નોંધવામાં આવેલ પ્લીમાં પણ આરોપીએ તેમની સામેના ગુનાનું તહોમત કબુલ રાખેલ હોવાથી તથા આરોપીએ તેમની સામેના ગુનાની સજાની મહત્તમ જોગવાઈ તથા થઈ શકતી મહત્તમ સજા અંગે વાકેફ કરવા છતાં તેઓ ગુનો કબુલ કરતાં હોવાથી તથા આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવતી હોવાથી સદરહુ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

પરંતુ આરોપી તરફેની કબુલાત પુરસીસમાં આરોપીએ જણાવેલ હકીકત, આરોપી તરફેની મૌખિક રજુઆત, આરોપીની સ્થીતી, આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને રાખતા તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ જી.એલ.આર.૭૦૯ ના ચુકાદામાંના** માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાનમાં લેતાં આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની લઘુતમ સજા કરવામાં આવે તે ન્યાયોચિત નથી તેથી આરોપીને સુધરવાની તક મળે તેથી અને કેસના તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ છે અને તેથી સદરહુ ફરીયાદના કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કલમ–૬૬(૧)(બી) ના ભંગ બદલ રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૧મી,** માહે.***સ્પ્ટેમ્બર,*** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.**૧૧** /૦૯/૨૦૨૧
પાટણ.

**(કુ.પ્રિયંકા લાલ)**
એડી. જ્યુડી. મેજી.ફ.ક. પાટણ.
જજ કોડ નં.જીજે–૦૧૪૦૭
સ્પેશ્યલ સીટીંગ